**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૪૬૪૨/૨૦૧૮**

**જૂનો ફોજદારી કેસ નં.૯૫૧/૧૯૮૭**

**ફરિયાદી :-** **નામદાર સરકારશ્રી તરફે ડી.એ.શાહ**
**પ્રો.ફંડ ઈન્સપેકટર**
અમદાવાદ.

**: વિરૂધ્ધ :**

**આરોપી :-** **પ્યારેલાલ નાનાલાલ જોશી**
એચ/૭, બીજલ એપાર્ટમેન્ટ,
પંચવટી રોડ, એલીસબ્રીઝ,
અમદાવાદ

**ગુન્હો :-** પ્રો.ફંડ એકટ મુજબ.

**-: આંક-૧ નીચે હુકમ :-**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવે છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**(૨)** ઉપરોકત હાલના કામની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૩)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભેનું આંક-૨ નું સમન્સ આરોપી મૃત્યુ પામેલ છે, તેવા શેરા તથા આરોપીના મરણના પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે. તે મરણનું પ્રમાણપત્ર માર્ક-૨/૧ જોતાં આરોપી તા.૧૦-૦૮-૧૯૯૨ ના રોજ મૃત્યુ પામેલ હોઈ, જેથી તેમની સામેનો હાલનો ફોજદારી કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નામ.ઔધોગિક અદાલત,ગુજરાત રાજયના નોટિફીકેશન નં.NO.ICLC/9158/2019,Dt.10/07/2019 મુજબ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩ -૦૭-૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**